।। શ્રી મહાવીરાય નમઃ ।। ।। શ્રી વીતરાગાય નમઃ ।। ।। નમો નાણસ્સ ।।

# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

**સંચાલિત માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા (સામખીયારીવાળા)**

**ધાર્મિક શિક્ષણ બોર્ડ આયોજીત વાર્ષિક પરીક્ષા જૈનશાળા/મહિલા મંડળનું પેપર**

તા. ૧૧/૦૧/૨૦૧૫ સમય : ૯ થી ૧૨ શ્રેણી : **૧૯** કુલ ગુણ : ૧૦૦

---

**પ્ર. ૧** (૧૫)

(અ) **સામા પ્રતિ - નીચેના શબ્દોના અર્થ લખો.** (૪)

વિણયહીણં, આણેસણાએ, આમોસે, સામાઈયં, સેવણા, ફલગ, સજ્ઝાય, અબ્ભણુણ્ણાએ

(ખ) **નીચેના અર્થના માગધી શબ્દ લખો.** (૪)

૧) ખોટા માર્ગનો ત્યાગ કરવો ૨) આકુળ વ્યાકુળતાથી ૩) ભિક્ષાચર્યામાં

૪) પાત્ર અને વસ્ત્ર આદિ ઉપધિની

(ક) **કર્મગ્રંથને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** (૭)

૧) કર્મસત્તા, ઉદય અને બંધનું કારણ શું છે ? ૨) ઓઘબંધ એટલે શું ?

૩) પહેલા અને બીજા કર્મગ્રંથમાં શેનું સ્વરૂપ બતાવ્યું છે ?

૪) પેપર લખનાર શ્રાવક શ્રાવિકા તમને મતિજ્ઞાનાવરણીય કર્મનો બંધ થઈ શકે ? થાય તો કેટલા ગુણસ્થાન સુધી અને ન થાય તો શા માટે ?

૫) દેવગતિનો બંધ કેટલા ગુણસ્થાન સુધી થાય બંધવિચ્છેદ ક્યાં થાય ?

૬) પાંચમા ગુણસ્થાને વજ્રઋષભનારાચ સંઘયણ શા માટે ન બંધાય ?

૭) આહારકશરીરનો બંધ કયા કયા ગુણસ્થાનકે થાય ?

**પ્ર. ૨ શ્રી આચારાંગ સૂત્રના આધારે જવાબ લખો.** (૫)

(૧) ભગવાન મહાવીરે પ્રથમ દેશના કયા સૂત્રથી કરી ?

(૨) તે પુરૂષ કેવો છે ?

(૩) ગુણ એટલે શું ?

(૪) મોક્ષદર્શી કોણ છે ?

(૫) ઉચ્ચગોત્રની સ્પૃહા કેમ ન કરે ?

**પ્ર. ૩ શ્રી ઠાણાંગસૂત્રના આધારે જવાબ લખો.** (૧૦)

(૧) ચાર વિશ્રામ સમજણ સહિત લખો. (૪)

(૨) દેશકથા કેટલી છે કઈ કઈ ? (૨)

(૩) ચારે જાતિના આશીવિષનો વિષય કેટલો છે ? (૪)

**પ્ર. ૪ શ્રી જ્ઞાતા ધર્મકથાના આધારે જવાબ લખો.** (૧૦)

(૧) મહાબલમુનિએ સ્ત્રીનામ-ગોત્ર કેવી રીતે બાંધ્યું હતું ?

(૨) વસ્તુઓ કેટલા પ્રકારની હોય અને દરેકને કેવી રીતે મપાય ?

(૩) ચોક્ષા કોણ હતી ? એણે શું ઉપદેશ આપ્યો ?

(૪) મલ્લિકુમારીએ છ રાજાઓને શું પ્રતિબોધ આપ્યો ?

(૫) મલ્લિકુમારીનો વર્ણ, આયુ, દીક્ષાપર્યાય લખીને તે મોક્ષે કેવી રીતે ગયા તે લખો.

(પાના નં. ........૨)

પ્ર. ૫ શ્રી ઉપાસકદશાંગ અને અંતકૃતદશાંગને આધારે જવાબ લખો. (૧૫)

(૧) ચૂલણીપિતાને દેવે કોને કોને મારવાની ધમકી શા માટે આપી?

(૨) ચૂલણીપિતાની ઉપસર્ગથી ડગી ગયેલા ચૂલણીપિતાને માતાએ શું કહ્યું ? ચૂલણીપિતા સિદ્ધ ક્યાંથી થયા ?

(૩) દેવકી રાણીને ત્યાં કોણ કોણ પધાર્યું ? દેવકીરાણીએ શું કર્યું ?

(૪) સુલસાએ મૃતવંધ્યાપણું ટાળવા માટે શું કર્યું ?

(૫) નીચેના વાક્યો કોણ કોને કહે છે ?

૧) આ શંકાનું સમાધાન અરિષ્ટનેમિ ભગવાન પાસે કરૂં

૨) હું અધન્ય છું પુણ્યહીન છું

૩) બોલો તમારો શું મનોરથ છે ?

પ્ર. ૬ શ્રી નિરયાવાલિકાના આધારે જવાબ લખો. (૧૦)

૧) કાલકુમાર રથમૂશલ સંગ્રામમાં કેવી રીતે પ્રવૃત્ત થયા ?

૨) કાલીદેવીને શું ચિંતા થઈ ?

૩) અભયકુમાર કેવા હતા ?

૪) કોણિકે ચેડારાજા પાસે દૂતને મોકલીને શું કહેવાનું કહ્યું ?

પ્ર. ૭ શ્રી દશવૈકાલિકને આધારે ઉત્તર આપો. (૧૫)

(અ) ગાથા પૂરી કરો. (૬)

૧) જે યાવિ .......... તે ગુરુણં

૨) વિણએ સુએ .......... જિઈંદિયા

૩) સુચ્ચાણ મેહાવી .......... સિદ્ધિમણુત્તરે

(બ) (૯)

૧) ધર્મરૂપી વૃક્ષનું વર્ણન લખો. (૨)

૨) ચાર તપ સમાધિ કઈ કઈ છે ? (૨)

૩) સાધુએ કેવી રીતે ગોચરી કરવી જોઈએ ? શા માટે ? (૨)

૪) વિનય સમાધિથી શું લાભ થાય છે ? (૨)

૫) અજ્ઞાતકુળ એટલે શું ? (૧)

પ્ર. ૮ શ્રી ભગવતીના થોકડાના આધારે જવાબ લખો. (૧૦)

(૧) જ્ઞાનાચારના કેટલા ભેદ છે ? કયા કયા ? (૪)

(૨) ધ્યાનના કેટલા ભેદ છે ? કયા કયા ? (૨)

(૩) દયાધર્મના કેટલા ભેદ છે ? કયા કયા ? (૪)

પ્ર. ૯ આઠમા આત્મા અને યોનિના આધારે જવાબ લખો. (૧૦)

(૧) દ્રવ્યાત્માની વ્યાખ્યા લખો ? (૨)

(૨) આઠ આત્માનો અલ્પબહુત્વ લખો. (૩)

(૩) મનુષ્યાણીમાં કેટલા પ્રકારની યોનિ કહી છે ? (૩)

(૪) અપર્યાપ્તા બાદર તેઉકાય અને પર્યાપ્તા બાદર વાઉકાયનો ઉપપાત અને સ્વસ્થાન લખો. ? (૨)

X ———————— X ———————— X